જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૯/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**        **સમાચાર યાદી ૨૩૪૩/૧૪**

**ક્રાઇમબ્રાન્ચ :**        **(૧)**

### અપહરણ, લુંટ, હત્યા કરનાર આરોપીને ઝડપી પાડતી ક્રાઈમબ્રાન્ચ

અમદાવાદ શહેરમાં હત્યા અને અપહરણના ગુના બનતાં હોય તે અટકાવવા તથા શોધી કાઢવા સારુ સંયુકત પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમબ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમબ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,ક્રાઈમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે પોલીસ ઈન્સ્પેકટર શ્રી જે.એસ.ગેડમ નાઓના સ્કવોડના પો.સ.ઈ શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ.શ્રી બી.આર.પરમાર તથા માણસોને મળેલ બાતમી આધારે અમરાઈવાડીમાં અપહરણ વીથ મર્ડરનો બનાવ બનેલ જે ઈસમ બગલ થેલા સાથે વડોદરા એકસપ્રેસ  હાઈવે સામે સિલ્વર કોમ્પલેક્ષ સામે ઉભેલ હોવાની હકીકત આધારે સદરહું અપહરણ વીથ મર્ડરના આરોપી જીગ્નેશ ઉર્ફે જીગો સ/ઓ રમણલાલ પટેલીયા (વણકર) ઉ.વ. ૩૦ રહે. મ.નં.૧૧, પ્રેમા ઉકાની ચાલી હુન્ડાઈ શો રૂમ ની સામે બિહારીમીલ સામે ખોખરા અમદાવાદ શહેર નાઓનુ હોવાનુ જણાવેલ

આરોપીની પુછપરછમાં તેઓ ભાગ્યવાન એજ્યુકેશન ટ્રસ્ટ જીવન સાગર કોમ્પલેક્ષ દુકાન નં.૫ પહેલા માળે ખોખરામાં ધોરણ-૧ થી ૧૦ સુધીના છોકરાઓને મફતમાં ટ્યુશન આપે છે અને તેઓના ક્લાસમાં આ વર્ષમાં ૧૦૦ જેટલા છોકરાઓ ટ્યુશન ભણવા આવે છે. સદર ક્લાસીસની જગ્યા ભાડા પેટે લીધેલ છે અને પોતાની પાસે કલાસીસની જગ્યાનુ ભાડુ ચુકવવાના રૂપિયા નહી હોય જેથી ખોખરા વિસ્તારમાં રહેતાં બ્રિજેશ વી.ગોસાઈ સાથે પહેલેથી મિત્રતા હોય અને આ મિત્રતામાં જાણવા મળેલ કે, બ્રિજેશના પિતાજી પાસે કરોડોની સંપતી છે અને બ્રિજેશ પણ સોનાની ચેઈનો, વીંટીઓ પહેરી ફરે છે જેથી પોતાના મનમાં લાલચ આવી કે, બ્રિજેશનુ અપહરણ કરી તેના પિતાજી પાસેથી રૂપિયા ત્રીસ લાખની રકમ વસુલ કરી શકે. જેથી તા.૧૪/૯/૨૦૧૪ ના રોજ સાંજના સમયે પાર્ટી આપવાના બહાને મરણ જનાર બ્રિજેશને ફોન કરી ટ્યુશન ક્લાસીસના રૂમમાં બોલાવી બ્રિજેશને દોરીથી બાંધી મોઢા પર ટેપ લગાડી ખુરશીના પાઈપથી ગળે ટુંપો આપી મારી નાખી બીજા દિવસે તા.૧૫/૯/૨૦૧૪ ના રોજ સવારના આશરે સાડા દશ વાગે મરણ જનારના મોબાઈલથી તેના પિતાજીને ફોન કરી રૂપિયા ત્રીસ લાખની માંગણી કરી અને નહી આપો તો તમારા છોકરાને મારી નાખવામાં આવશે તેવી ધમકી આપેલ.

ધમકી આપ્યા બાદ આરોપી લાસને સગેવગે કરવા સારુ ખાનગી ફોર વ્હીલરની શોધખોળમાં હતો અને આ કોઈ અન્ય ગુપ્ત જગ્યાએ જઈ મરણ જનારના પિતાજી પાસેથી રૂપિયા ત્રીસ લાખની રકમ મેળવવા માટે ષડયંત્ર કરવા સારુ તે જગ્યાએથી નીકળી જતો રહેલ જે બાબતે બાતમી હકીકત મળતાં સદર આરોપીને વડોદરા એકસપ્રેસ હાઈવે સિલ્વર કોમ્પલેક્ષ સામેથી તા.૧૫/૯/૨૦૧૪ ના કલાક ૨૨/૦૦ વાગે પકડી પાડેલ છે.

આરોપીને પકડી પાડી અંગજડતી કરતાં તેની પાસેથી મરણ જનાર બ્રિજેશના ચીજવસ્તુઓ, મોબાઈલ ફોન મળી આવેલ અને સદર આરોપીએ લાશ ઉપરથી ઘડીયાળ, દાગીના કાઢી લીધેલ. આ તમામ વસ્તુઓ આરોપીની અંજગડતીમાંથી કબજે કરવામાં આવેલ છે.

સદર આરોપી અભ્યાસમાં બી.કોમ. એલ.એલ.બી. તથા લંડનમાં એમ.બી.એ.કરેલ છે.

સદર આરોપી અમદાવાદમાં સાલ હોસ્પિટલમાં વોડાફોન કોલ સેન્ટરમાં એજસ કોલ સેન્ટરમાં શેર માર્કેટ,ખોડીયાર ફાયનાન્સ વિગેરે અલગ અલગ જગ્યાએ નોકરીઓ કરેલ છે.

સદર આરોપી સને ૨૦૦૯ માં ખુન કેસમાં પણ પકડાયેલ છે.

સદર પકડેલ આરોપીને આગળની તપાસ સારુ ખોખરા પોલીસ સ્ટેશન સોંપવા સારુ તજવીજ કરવામાં આવેલ છે.

**(૨)**

**"અગાઉ ઘરફોડ ચોરીઓના ગુન્હાઓમાં પકડાયેલ અને પાસા હેઠળ જઇ ચુકેલ રીઢા ઘરફોડીયાઓ સંજય ઉર્ફે શનિ ગાયકવાડ તથા સુનિલ ઉર્ફે કાંચો સોનારને સોનાના ના દાગીના, લેપટોપ તથા મોબાઇલ ફોન મળી કિ.રુ.૧,૫૭,૫૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ ઉપરી પોલીસ અધિકારીશ્રીઓએ આપેલ સુચના અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલીંગ ફરતાં ફરતાં હાટકેશ્વર બસ સ્ટેન્ડ પાસે આવતાં સાથેના પો.કો.મહેતાબજી લક્ષ્મણજીનાઓને મળેલ બાતમી આધારે આરોપીઓ (૧) સંજય ઉર્ફે શનિ S/o કમલાકર ગાયકવાડ ઉવ.૨૧ રહેવાસીઃ ઘર નંબરઃ ૧૨૬, વિકાસનગરની ચાલી, રાષ્ટ્રભારતી સ્કુલની બાજુમાં, સી.ટી.એમ. ચાર રસ્તા પાસે, ખોખરા અમદાવાદ શહેર તથા (૨) સુનિલ ઉર્ફે કાંચો S/o મનબહાદુર સોનાર ઉવ.૨૧ રહેવાસીઃ હાલ રહેઃ મકાન નં.૨૦૨ બ્લોક નંબર બી, પંચરત્ન રેસીડન્ટ, વિંઝોલ ગામ પાસે, હાથીજણ રોડ, અમદાવાદ શહેર તથા ઘર નંબર ૨૪૦, હનુમાનનગર, રાષ્ટ્રભારતી સ્કુલની બાજુમાં, સી.ટી.એમ.ચાર રસ્તા પાસે, ખોખરા અમદાવાદ શહેરનાઓને સી.ટી.એમ. ચાર રસ્તા ખાતેથી આજરોજ ઝડપી લઇ તેઓની ઝડતીમાંથી સોનાનુ મંગલસુત્ર નંગ-૦૧, સોનાની ચેઇન નંગ-૧ તથા સોનાની વીટી નંગ-૧ મળી કુલ કિં.રુ. ૧,૦૬,૦૦૦/- ના આશરાનો મુદ્દામાલ તેમજ ચોરી કરેલ બે લેપટોપ તથા બે મોબાઇલ ફોન સંજય ઉર્ફે શનિ ગાયકવાડના ઘરે મુકી રાખેલ હોય જેની કિમત રુ.૫૧,૫૦૦/-નો મુદ્દામાલ મળી કુલ્લે કિમત રુ.૧,૫૭,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓને અટક કરવામાં આવેલ છે. સદરી આરોપીઓની વધુ પુછપરછ કરતા તેઓએ રામોલ તથા વટવા જી.આઇ.ડી.સી.પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજથી છેલ્લા ત્રણેક માસ દરમ્યાન સોનાના દાગીના તથા બે લેપટોપ તથા બે મોબાઇલ ફોન ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. સદરી બંને આરોપીઓ અગાઉ ખોખરા પો.સ્ટે.માં સાત ગુન્હામાં તથા યુનિવર્સીટી, મણીનગર પોલીસ સ્ટેશના એક એક ગુન્હામાં પકડાયેલ હતા. અને આઠ મહીના સુધી જેલમાં હતા. અને પાસા પણ ભોગવેલ છે.

ઉપરોક્ત પકડાયેલ આરોપીઓ પૈકી સંજય ઉર્ફે શનિ ગાયકવાડનાનો જેલ માંથી છુટયા બાદ જુલાઇ/૨૦૧૩ માં ફરી વખત તેના મિત્ર સાથે ઘરફોડ ચોરીના બે ગુન્હામાં વટવા પોલીસ સ્ટેશન ખાતે તથા મણીનગર પોલીસ સ્ટેશનના એક ગુન્હામાં તથા ખોખરા પોલીસ સ્ટેશનના એક ગુન્હામાં પકડાયેલ છે.

**(3)**

**અમદાવાદ શહેરમાં જુદાજુદા વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુન્હા કરી નાસતા ફરતા રીઢા ગુન્હેગારને પકડી પાડતી અમદાવા શહેર ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ખાતે આગામી સમયમાં પધારનાર ભારતના વડાપ્રધાન શ્રી તથા ચીનના રાષ્ટ્રપતિ શ્રી પધારનાર હોય જે મહાનુભાવોની સુરક્ષા વ્યવસ્થા બંદોબસ્ત માં અમદાવાદ શહેર ઝોન-૧ વિસ્તારમાં આજરોજ પો.સ.ઇ.શ્રી એલ.ડી.વાઘેલા નાઓ ટીમના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન વસ્ત્રાપુર તળાવ પાસે આવતાં સાથેના પો.કો.જયદેવસિંહ ઇશ્વરસિંહ તથા હેડ.કોન્સ જગદીશભાઇ ભાઇલાલભાઇ ની બાતમી હકીક્ત આધારે ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૩૭/૧૪ ઇ.પી.કો.ક. ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના કામે નાસતા ફરતા આરોપી ઇમ્તીયાઝ ઉસ્માનગની કુંભાર (મુસ્લીમ) ઉ.વ.૨૪ રહે, બ્લોક નં. ૨૭/૮૫૦ સંતોષ નગર રામરહીમના ટેકરા પાસે દાણીલીમડા અમદાવાદનાનો મળી આવતાં અટક કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત મજકુર ઇસમની પુછપરછ્માં અગાઉ ઘરફોડ ચોરી ના ગુન્હાઓમાં પકડાયેલ જાવેદ રસુલભાઇ અજમેરી રહે, જુહાપુરા તથા વોન્ટેડ આરોપી જાવેદ @ ભુરા કાસમભાઇ કંસારા રહે, દાણીલીમડા તથા મજકુરે પોતે ભેગા મળી એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઘરફોડ ચોરીના બે (૨) ગુન્હા તથા આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઘરફોડ ચોરીનો એક (૧) ગુન્હો કરેલાની કબુલાત કરેલ છે. જે બાબતે રેકર્ડ ખાતરી કરતાં એલીસબ્રીજ પો.સ્ટે.ફ.૨૦૦/૧૪ તથા ૨૧૭/૧૪ તથા આનંદનગર પો.સ્ટે.ફ. ૯૩/૧૪ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુન્હાઓ કરેલ હોવાનુ જણાય આવેલ છે. તેમજ મજકુર ઇસમે ચોરીના મોબાઇલ ફોન વેચાન કરેલ હોવાનુ તથા બીજી ચોરીઓ કરેલ હોવાનુ જણાય આવેલ હોય મજકુર આરોપીની સઘન પુછપરછ કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ ચાલુ છે.

**વટવા પો.સ્ટે. :-**

વટવા પોસ્ટે ફ.ગુ.ર.નં ૨૭૧/૧૪ ઇપીકો કલમ ૩૦૭,૨૯૪(ખ),૧૧૪ મુજબના કામના આરોપીઓ (૧)ભવરસિંહ @ ગબ્બર S/0 હનુમાનસિંહ રાજાવત ઉવ-૨૯ રહે- બ્લોક ૨૦/૬૨૫ કુશાભાઉ ઠાકરે નગર ગરીબ આવાસ યોજનાના મકાનમાં વટ્વા અમદાવાદ (૨) મિતેષ સુરેશભાઈ સરગડા ઉવ.૨૧ રહે બ્લોક ૨૯/૯૨૨ કુશાભાઉ ઠાકરે નગર ગરીબ આવાસ યોજનાના મકાનમાં વટ્વા અમદાવાદ , નાઓને ઉપરોક્ત ગુનાના કામે તા.૧૫/૦૯/૨૦૧૪ ના કલાક ૨૨/૧૫ વાગે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.જે.ચૌધરી નાઓએ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.હાલમાં તપાસ ચાલુ છે

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.